


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૬૧ | ૨૦ ઓગસ્ટ, ૨૦૧૮, સોમવાર; શ્રાવણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### લેટરલ એન્ટ્રી માટે ૬ હજાર આવેદનપત્રો

યુપીએસસીની પરીક્ષા પાસ કર્યા વિના સરકારી અધિકારી બનવાની યોજના અંતર્ગત ૬ હજાર જેટલા આવેદનપત્રો ભરવામાં આવ્યા છે. લેટરલ એન્ટ્રી સ્કીમ હેઠળ ખાનગી કંપનીઓના અધિકારીઓને સીધા જ આઈએએસ બનાવવામાં આવશે.

### મુંબઈ એરપોર્ટથી ૧.૬૭ કરોડનું સોનું જપ્ત

મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી લગભગ ૧.૬૭ કરોડના મુલ્યનું સોનું મળી આવ્યું છે. સોનાની દાણચોરીના આ કેસમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

### મરાઠા સંગઠનનું ફરી અનિશ્ચિતકાળ હડતાલનું એલાન

નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં આરક્ષણની માંગને લઈને મરાઠા સંગઠને ફરી અનિશ્ચિતકાળ હડતાલનું એલાન કર્યું છે. ૨૦ ઓગસ્ટથી હડતાલ કરવામાં આવશે તેમ મરાઠા ક્રાંતિ મોરચા અને સકલ મરાઠા સમાજે કહ્યું છે.

### હજયાત્રાનો પ્રારંભ

ભારતાસાહિતા દુનિયાભરના ૨૦ લાખથી વધુ મુસલમાનોએ સાઉદીઅરબના મક્કામાં વાર્ષિક હજ યાત્રાનો પ્રારંભ કરી દીધો છે. ઈદ ઉલ અજહા સુધી હજયાત્રા ચાલશે.

### ઉત્તરપ્રદેશમાં દોડશે રક્ષાબંધન સ્પેશ્યલ બસ

ઉત્તરપ્રદેશ રાજય સડક પરિવહન નિગમ રક્ષાબંધન સ્પેશ્યલ બસોનું સંચાલન ૨૪થી ૨૯ ઓગસ્ટ દરમિયાન કરશે. આ બસોમાં મહિલાઓ મફત મુસાફરી કરી શકશે.

# કેરળની સ્થિતિમાં આંશિક સુધારો

**રાહત કાર્ય તીવ્ર કરાયું : તમામ ૧૪ જિલ્લામાંથી રેડએલર્ટ દૂર કરાતા મોટી રાહત : છ લાખથી વધુ હજુ રાહત કેમ્પમાં**



કોચી, તા.૧૯

અભૂતપૂર્વ પુર અને ભારે વરસાદ વચ્ચે સંઘર્ષ કરી રહેલા કેરળમાં સ્થિતિમાં હવે આંશિક સુધારો થયો છે. શુક્રવાર અને શનિવારના દિવસે વરસાદની ગતિ ધીમી થયા બાદ બચાવ અને રાહત કામગીરી તીવ્ર કરી દેવામાં આવી છે. સરકારે પ્રદેશના તમામ ૧૪ જિલ્લામાંથી રેડએલર્ટ દૂર કરી દેવામાં આવ્યું છે. ૯મી ઓગસ્ટ બાદ પ્રથમ વખત રેડએલર્ટને દૂર કરવાનો નિર્ણય કરાયો છે. રાહત કામગીરી ઝપડી કરવામાં આવી છે. બીજી બાજુ અભૂતપૂર્વ પુર અને જળપ્રલય વચ્ચે મોતનો આંકડો વધીને ૩૭૨ સુધી પહોંચી ગયો છે. આજે વધુ બે લોકોના મોત થઈ ગયા હતા. ઈર્નાકુલમ, ત્રિસુર અને અલપ્પુઝામાં સૌથી વધુ અસર થઈ છે. અલુઆ, ચાલકુડી, ચેનગન્નુર, પથનમથિટ્ટામાં સૌથી વધુ કફોડી હાલત થઈ છે. હાલમાં રાહત કેમ્પમાં રહેતા લોકોની સંખ્યા ૬૬૧૮૮૭ છે જે ૩૪૬૬ રાહત કેમ્પમાં છે. ૯મી ઓગસ્ટ બાદથી મોતનો આંકડો ૧૯૬ સુધી પહોંચી ગયો છે. પુરની વિકટ સ્થિતી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે કેરળ પહોંચીને ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી અને પુરની સ્થિતી અંગે પુરતી માહિતી મેળવી હતી. પુરગ્રસ્ત કેરળ માટે મોદીએ ૫૦૦ કરોડની સહાયની જાહેરાત કરી હતી. પ્રદેશના પ્રવાસે પહોંચેલા

● અનુસંધાન પાન-૭ પર

# એશિયન ગેમ્સમાં પુનિયાએ ભારતને સુવર્ણ ચંદ્રક અપાવ્યો

**જાપાનના દાયચી પર ૧૧-૮થી જીત મેળવી : ભારતીય સ્ટાર રેસલરની સિદ્ધિથી ખુશીનું મોજુ ફેલાયું**



જાકાર્તા, તા.૧૯

સ્ટાર રેસલર બજરંગ પુનિયાએ આજે ભારતને પ્રથમ સુવર્ણ ચંદ્રક અપાવવામાં સફળતા મેળવી હતી. પુરુષોની ૬૫ કિલોગ્રામ સ્પર્ધાની ફાઈનલમાં જાપાનના દાયચીને ૧૧-૮થી હરાવીને એશિયન ગેમ્સના પ્રથમ દિવસે જ ભારતને સુવર્ણ ચંદ્રક અપાવ્યું હતું. બજરંગે એશિયન ગેમ્સ ૨૦૧૪માં રજત ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી. તે પહેલા ૧૦ મીટર એર રાયફલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ભારતની અપૂર્વ ચંદેલા અને રવિ કુમારની જોડીએ બ્રોન્ઝ મેડલ

● અનુસંધાન પાન-૭ પર

# દાઉદનો સાથી જબીર લંડનમાંથી ઝડપાતા ભારતને મોટી સફળતા

**લંડનની હિલ્ટન હોટલમાંથી ધરપકડ કરી લેવાઈ : જબીર મોતી નામનો કુખ્યાત શખ્સ ડોન દાઉદના પૈસાની લેવડદેવડની મુખ્ય જવાબદારી સંભાળી રહ્યો હતો**

નવી દિલ્હી, તા. ૧૯

અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના એક નજીકના સાથી જબીર મોતીને લંડનમાંથી પકડી લેવામાં આવ્યો છે. દાઉદના પૈસાની લેવડદેવડની જવાબદારી સંભાળનાર જબીરને આખરે કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યો છે. બ્રિટનની સુરક્ષા સંસ્થાઓ દ્વારા તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. જબીરની ધરપકડને ભારતની મોટી સફળતા તરીકે જોવામાં આવે છે. કારણ કે ભારત દ્વારા જ જબીરની ધરપકડ કરવા માટેની માંગ કરવામાં આવી હતી. જબીર મોતી પાકિસ્તાની નાગરિક છે અને ડી કંપનીના આર્થિક મામલાના ઈન્ચાર્જ તરીકે જોવામાં આવે છે. દાઉદના કાળાકારનામાનો સારીરીતે જાણનાર જબીરને લંડનની હિલ્ટન હોટલમાંથી પકડી લેવામાં આવ્યો છે. પાકિસ્તાની નાગરિક અને ૧૦ વર્ષના વિઝા પર બ્રિટનમાં રહેતા જબીર મોતી અને દાઉદની પત્નિ મજહબીન, પુત્રી મહેરિન અને જમાઈ જુનેદ વચ્ચે નાણાંકીય લેવડદેવની તપાસ બાદ જબીરને પકડી લેવામાં આવ્યો છે. દાઉદની સૌથી નાની પુત્રીના હજુ લગ્ન થયા નથી. સુત્રોના કહેવા મુજબ આ દેશોમાં કારોબારથી થનાર કમાણી અને ગેરકાયદે ગતિવિધિ ચલાવવાની જવાબદારી જબીર સંભાળી રહ્યો હતો. ગેરકાયદે હથિયારોના વેચાણ, માદક દ્રવ્યોની હેરાફેરી, રિયલ એસ્ટેટ કારોબાર મારફતે થનારી કમાણીનો ઉપયોગ ભારત વિરોધી ઓપરેશન માટે થઈ રહ્યો હતો. ભારતમાં ત્રાસવાદી ગતિવિધિઓ માટે આ નાણાનો ઉપયોગ કરવામાં આવે છે. એવું પણ માનવામાં આવે છે કે, દાઉદના પરિવારને બ્રિટનમાં શિફ્ટ કરવાના વિકલ્પ શોધવામાં પણ જબીરની મોટી ભૂમિકા રહી છે. કરાંચીમાં જે રેસીડેન્સિયલ સંકુલમાં દાઉદ પરિવાર રહે છે ત્યાં જબીરની પાસે પણ એક આવાસ છે.

# દેશમાં સૌથી મોટુ નકસલ વિરોધી ઓપરેશન હાથ ધરાશે

**સીઆરપીએફના ૭,૦૦૦ જવાનો બસ્તરમાં ગોઠવાશે : ચાર રાજ્યોમાંથી સીઆરપીએફ ટુકડી પરત ખેંચી લેવાઈ**

નવી દિલ્હી, તા. ૧૯

કેન્દ્ર સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને ચાર રાજ્યોમાંથી ૭૦૦૦થી વધુ સીઆરપીએફ જવાનોને પાછા ખેંચી લેવાનો આદેશ કર્યો છે. આ જવાનોને હવે દક્ષિણી બસ્તરમાં ગોઠવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એમ માનવામાં આવે છે કે, હવે સૌથી મોટુ ઓપરેશન હાથ ધરવામાં આવનાર છે. પશ્ચિમ બંગાળમાંથી સૌથી વધુ સંખ્યામાં સીઆરપીએફ જવાનોને ખસેડવામાં આવ્યા છે. છત્તીસગઢમાં દક્ષિણી બસ્તરના નકસલવાદીગ્રસ્ત વિસ્તારોમાં આ જવાનોની તૈનાતી કરવામાં આવનાર છે. સીઆરપીએફના સાત હજારથી વધુ જવાનોને પશ્ચિમ બંગાળ, બિહાર અને ઝારખંડમાં નકસલવાદ વિરોધી ઓપરેશનમાં તૈનાત કરવામાં આવ્યા હતા. ઉત્તરપ્રદેશમાં આંતરિક સુરક્ષા સંબંધિત ફરજ માટે પણ ગોઠવવામાં આવ્યા હતા. હાલમાં જ જારી કરવામાં આવેલા આદેશ મુજબ સંબંધિત રાજ્ય સરકારોને સૂચના આપી દેવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાંથી સૌથી વધુ ત્રણ બટાલિયનો, બિહારમાંથી બે, ઉત્તરપ્રદેશ અને ઝારખંડમાંથી એક એક બટાલિયન પરત ખેંચવામાં આવનાર છે. આ રાજ્યોમાંથી સીઆરપીએફ બટાલિયનોને પરત ખેંચવાના નિર્ણયને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. છત્તીસગઢમાં માઓવાદી ગઢમાં આ જવાનો હવે ગોઠવવામાં આવી રહ્યા છે. માઓવાદીઓ સામે સૌથી મોટુ ઓપરેશન હાથ ધરવાની તૈયારી શરૂ કરવામાં આવી રહી છે. ઓરિસ્સા, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રની સરહદ ઉપર સ્થિત દક્ષિણી બસ્તરમાં લેફ્ટ વિંગ બળવાખોરો સૌથી વધુ પડકારરુપ બનેલા છે જેથી આ વિસ્તારમાં સીઆરપીએફની સંખ્યા વધારવામાં આવી રહી છે. સુકમા, દાંતેવાડા, બીજાપુર, કાંકેરમાં સૌથી વધુ ગતિવિધિ માઓવાદીઓની જોવા મળે છે. સીઆરપીએફ દ્વારા નકસલવાદીગ્રસ્ત વિસ્તારોમાં મોટાપાયે ઓપરેશન હાથ ધરવા તૈયારી કરી છે.







REQUIRED

Large Export House e-commerce retail store requires General Manager (online retail store)

Female PRO-cum-Administrative Officer and Website Developer.

10 years Experience necessary.

: Contact :
officeuse305@gmail.com,
rksingh1978kushwaha@gmail.com










